**વડીલોને વંદન અભિનંદન**



અશોકકુમાર જયંતિલાલ શાહ
(૧૯૩૫) ફોન: ૨૩૨૨૩૬૫૪

# કોંગ્રેસના ૧૯૪ ઉમેદવારોની પ્રથમ યાદી

## રાહુલ ગાંધીની ઈચ્છા મુજબ જ ૧૯૪ ઉમેદવારોની યાદીમાં ૩૫ ટકા યુવાનો અને કુલ ૧૫ ટકા મહિલાઓને ટિકિટ આપવા માટે નિર્ણય કરવામાં આવ્યો

અમદાવાદ, તા.૮

લોકસભાની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી છે ત્યારે કોંગ્રેસે પણ આજે લોકસભાની ચૂંટણી માટે ઉમેદવારોની તેની પ્રથમ યાદી જાહેર કરી દીધી હતી. ૧૯૪ ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવી છે. ધારણા પ્રમાણે જ કોંગ્રેસના વરિષ્ઠ નેતા સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી તેમની પરંપરાગત બેઠક ઉપરથી ચૂંટણી મેદાનમાં ઉતરનાર છે. કોંગ્રેસના ઉમેદવારોની યાદીને લઈને છેલ્લા કેટલાક દિવસથી ચર્ચા ચાલી રહી હતી. રાહુલ ગાંધી અમેઠીમાંથી અને સોનિયા ગાંધી રાયબરેલીમાંથી ચૂંટણી મેદાનમાં ઉતરશે. કોંગ્રેસની પ્રથમ યાદીમાં રાહુલ ગાંધીનું વર્ચસ્વ રહ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે. યુવા અને મહિલાઓને આગળ લાવવાની વાત કરનાર રાહુલની ઈચ્છા મુજબ જ ૧૯૪ ઉમેદવારોની પ્રથમ યાદીમાં ૩૫ ટકા યુવાનોને તક આપવામાં આવી છે. આ તમામ યુવાનોની વય ૫૦ વર્ષથી નીચે છે.

જ્યારે ૧૫ ટકા મહિલાઓને ટિકિટ આપવાનો નિર્ણય લેવાયો છે. મહારાષ્ટ્રમાં કોંગ્રેસ ૨૭ બેઠકો ઉપર ચૂંટણી લડશે. કોંગ્રેસની પ્રથમ યાદીમાં ક્રિકેટર મોહમ્મદ કૈફનો સમાવેશ થાય છે. કૈફને ઉત્તરપ્રદેશના ફુલપુરમાંથી ટિકિટ આપવામાં આવી છે જ્યારે અટલ બિહારી વાજપેયીની ભત્રીજી કરુણા શુક્લાને બિલાસપુરમાંથી ટિકિટ આપવાનો નિર્ણય કરાયો છે. ઔરંગાબાદમાંથી નિખિલકુમાર, કટકમાંથી અપરાજીતા અને સાઉથ બેંગ્લોરથી નંદન નિલકાનીને ટિકિટ આપવાનો નિર્ણય કરાયો છે. કુરુક્ષેત્રથી નવીન જીંદાલ અને જહોનપુરમાંથી રવિ કિશનને ટિકિટ આપવાનો નિર્ણય કરાયો છે. ૩૫ ટકા યુવાનોની પસંદગીના સમાચારથી યુવા વર્ગમાં ખુશી જોવા મળી રહી છે. રાહુલે પોતાની ઈચ્છા મુજબ જ ઉમેદવારોની પસંદગી કરી હોવાનું જાણવા મળી રહ્યું છે. ગુજરાતમાંથી નવ ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવી છે જેમાં સાબરકાંઠામાંથી શંકરસિંહ વાઘેલા, સુરેન્દ્રનગરમાંથી સોમાભાઈ પટેલ, રાજકોટમાંથી કુવરજી બાવળિયા, જામનગરમાંથી વિક્રમભાઈ માડમ, આણંદમાંથી ભરતભાઈ સોલંકી, દાહોદ એસટી પરથી પ્રભાબેનને ટીકીટ આપવામાં આવી છે. છોટાઉદેપુર એસટી પરથી નારાણભાઈ રાઠવાને ટિકિટ આપવામાં આવી છે.




નગરની જાણીતી સંસ્થા 'સંસ્કૃતિ' દ્વારા એક નવતર પ્રયોગ કરવામાં આવ્યો. શુક્રવાર રાત્રે ટાઉનહોલ ગાંધીનગર ખાતે 'કવિ સમીપે' નામક કવિસંમેલનનો સુંદર કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં જાણીતા યુવા કવિઓ ગૌરાંગ ઠાકર, કુલદીપ કારીયા, પંકજ મકવાણા, નરેશ સોલંકી, મોહમંદતહા મનસુરી, લક્ષ્મી ડોબરીયા, જ્યોતિ અમીન, ભાવેશ ભટ્ટે પોતાની કવિતાઓ વડે શ્રોતાઓની ભરપુર દાદ મેળવી હતી. આ સફળ 'કવિ સમિપે' કાર્યક્રમનું સફળ સંચાલન યુવા કવિ તેજસ દવેએ કર્યુ હતું. (તસવીર : કશ્યપ નિમાવત)

# ડીસા નવીન બસ મથક નર્કાગાર

# પરબ છે પણ પાણીના નળ નથી

ડીસા, તા. ૮

રાજ્યભરમાં અત્યાધુનિક સુવિધા ધરાવતું ડીસા શહેરમાં આવેલ નવિન બસ સ્ટેશન આજે નર્કાગારમાં ફેરવાઈ જવા પામ્યું છે. ત્યારે છેલ્લા બે વર્ષ ઉપરાંતના સમયથી પારાવાર ગંદકીના પ્રશ્નો કોઈ ઉકેલ ન આવતા બસ સ્ટેશનના તમામ વેપારીઓએ ભારે હાલાકી ભોગવી રહ્યા છે અને બસ સ્ટેન્ડમાં આડેધડ વાહનો પાર્કિંગ થાય છે તો વળી, અહીં ખુલ્લેઆમ બસ સ્ટેન્ડ આજુબાજુ લારી ગલ્લાવાળા દબાણ કરી મનમાની ચલાવતા ટ્રાફિક સમસ્યા ગીચ બનેલ છે.

આ બેસ સ્ટેન્ડ દુવિધાની વાત કરીએ તો વર્ષ ૨૦૦૫માં બનેલું અત્યાધુનિક બસ સ્ટેશન યોગ્ય સફાઈના અભાવે હાલ નર્કાગારમાં ફેરવાયું છે. અહીંના સૌચાલયો ઉભરાઈ રહ્યા છે તો વળી, સોષકુવા અને પાણીની ટાંકીના ઢાંકળા ગાયબ છે, ચોતરફ ગંદકી ફેલાઈ છે. જેથી રોગચાળાનો ભય ફેલાયો છે સુવિધાના નામે દુવીધારૂપ આ બસ સ્ટેન્ડથી આનુવંસિક સેવાના અભાવે મુસાફરો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. એસ.ટી. તંત્રની ઘોર નિષ્કાળજીના કારણે બસ સ્ટેશનનો વહિવટ ખાડે જતા આજે બસ સ્ટેશન નર્કાગાર જેવી સ્થિતિમાં ફેરવાઈ જવા પામ્યું છે. બસ સ્ટેશનના પ્લેટફોર્મ સહિત અંદર આવેલ મળમૂત્રના કુવા ઓવરફ્લો થતા મળમૂત્ર જાહેર માર્ગ તેમજ બસ સ્ટેશનના કમ્પાઉન્ડમાં જ એકત્ર થતું હોવાથી અસહ્ય દુર્ગંદ ફેલાઈ રહી છે. જેના લીધે સ્થાનિક વેપારીઓ અને મુસાફરો પણ ભારે પરેશાન થઈ ઉઠ્યા છે. સ્થાનિક વેપારીઓદ્વારા અનેક લેખિત તેમજ મૌખિક રજુઆતો કરવા છતાં કોઈ યોગ્ય ઉકેલ આવેલ નથી.

આ અંગે ડિસા બસ સ્ટેશન મેનેજરે જણાવ્યું હતું કે, આ ફરિયાદો ધ્યાને લેવાશે. તેમની નિમણુંક ચાર પાંચ દિવસ પહેલા થઈ છે. જેથી જાત માહિતી મેળવી કામ કરાશે તેવું તેમણે જણાવ્યું હતું. જ્યારે બીજી તરફ ડીસા શહેરના આધુનિક બસ સ્ટેશનમાં પારાવાર ગંદકી ફેલાઈ જવાના કારણે વેપારીઓ ત્રસ્ત થઈ ઉઠ્યા છે. વારંવારની રજુઆતો કરવા છતાં એસટી તંત્ર દ્વારા કોઈ જ કાર્યવાહી ન કરતા વહેપારી પરેશાન થઈ ઉઠ્યા છે. ત્યારે એસ.ટી. તંત્ર કાર્યવાહી કરે તે જરૂરી છે.

## ૧૧ વર્ષમાં ૮૪૦ અરજીઓ સામે માત્ર ૧૦ જ કનેક્શનો અપાયા

પ્રાંતિજ, તા. ૮

ગુજરાત સરકાર દ્વારા ખેડૂતોના હિતની વાતો અને વિજળી કનેક્શનો આસાનીથી મળે છે. તેવી બાબતોનો જોરશોરથી પ્રચાર કરવામાં આવે છે. પરંતુ પ્રાંતિજ તાલુકાના સલાલ અને આસપાસના વિસ્તારમાં ૨૦૦૨ થી ૨૦૧૨ની સાલ સુધીમાં ઉત્તર ગુજરાત વિજ કંપનીમાં ૮૪૦ ખેડૂતોએ કરેલી વિજ કનેક્શનની માંગણી સામે માત્ર ૧૦ જ કનેક્શન આપવામાં આવ્યા છે. અને બાકીના ૮૩૦ કનેક્શનોની અરજીઓ રદ કરી દેવાઈ છે.

રદ કરાયેલા કનેક્શનો અંગે ખેડૂતોને વિવિધ પ્રકારની નોટીસોના બહાના હેઠળ જેવા કે સમયમર્યાદામાં બોરકુવો બનાવવામાં વિલંબ, એક જ સર્વેનંબરમાં કરેલ બોર જેવી બાબતે કનેક્શનો માટેની અરજીઓ રદ કરવામાં આવી છે. વિજ કનેક્શનો માટેની અરીઓ રદ થતા કિસાનો મુશ્કેલીમાં મુકાયા છે. જેથી ભારતીય કિસાન સંઘ મારફતે આ બાબતને ઉપરના લેવલે લઈ જઈ જવાબ લેવાના પ્રયાસો હાથ ધરાયા છે. કિસાન હિતની વાતો કરતી સરકાર ઝડપથી વિજ કનેક્શનો આપે તેવી કિસાનોમાં માંગ ઉઠવા પામી છે.

## પોલીસે ઝડપેલો યુવાન કુદરતી હાજરે જવા નીકળ્યો હતો

પ્રાંતિજ, તા.૮

પ્રાંતિજ પાસેના અમીનપુર ગામે પોલીસ દ્વારા રાત્રી પેટ્રોલીંગ દરમિયાન એક યુવાનને શંકાસ્પદ હિલચાલના આધારે પકડી પોલીસ સ્ટેશને લઈ જવાતા લોકો અચંબામાં પડી ગયા હતા. રાત્રીના સમયે કુદરતી હાજરે જવા નીકળેલ આ યુવાનને પોતાના જ ધંધાના કેબીન પાસે શંકાસ્પદ રીતે ફરતા હોવાના કારણે પોલીસે અટકાયત કરી હતી. પરંતુ પાછળથી પોલીસને હકીકતની જાણ થતાં તેને છોડી મુકાયો હતો પરંતુ આ બનાવથી લોકોમાં ભારે રમૂજ ફેલાઈ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે રામપુરા ચોકડી, સોનાસણ, તલોદ રોડ, આરસોડા પાટીયા વગેરે તરફના વિસ્તારોમાં રાત્રિના સમયે પશુધન ચોરોના ડાલા જેવા વાહનો સાથે ઝડપાવાની શકયતા અને છાશવારે બનતા નાના મોટા બનાવો અંગે પોલીસે યોગ્ય આયોજનની જરૂર છે તેવું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

## અવસાન નોંધ

પ્રાંતિજ, તા. ૮

સાબરકાંઠા જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના ચેરમેન હઠીસિંહ ઝાલાના ધર્મપત્નિ કિરણબા ઝાલાનું ૬૨ વર્ષની વયે નિધન થયું છે. સ્વર્ગસ્થની સ્મશાન યાત્રામાં મોટી સંખ્યામાં રાજકીય આગેવાનો સહિત ગ્રામજનો સ્નેહીજનો જોડાયા હતા. સ્વર્ગસ્થનું બેસણુ તા. ૧૪ માર્ચના રોજ રાખવામાં આવ્યું છે.

## શબ્દાવલી - ૫૩૩૩

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | ૫ | |
| ■ | | ■ | ૬ | ૭ | | | ■ |
| ૮ | | ૯ | ■ | ૧૦ | | ■ | ■ |
| ૧૧ | | | | ■ | ■ | ■ | ૧૨ |
| | ■ | | ■ | ૧૩ | | | |
| ■ | ૧૪ | | ૧૫ | | ■ | ■ | |
| ૧૬ | | ■ | ૧૭ | | ૧૮ | ૧૯ | |
| ૨૦ | | ■ | | ■ | ૨૧ | | ■ |

### આડી ચાવી

૧. ગમે તેમ, જેમ તેમ (૪)
૪. ડગલા, ડગ (૩)
૬. જીવનરૂપી રણ (૪)
૮. શેઇપ, ઘાટ (૩)
૧૦. દિશા (૨)
૧૧. દ્વાર, બારણું (૪)
૧૩. જાન, વરરાજા પરણવા જાય તે (૪)
૧૪. ધારણ કરવું તે, .... કરવું (૪)
૧૬. એક પ્રકારના જીવડા (૨)
૧૭. બામલાઇ, બગલનું ગુમડું (૫)
૨૦. એક ટાઇમ અપાતી દવાનો જથ્થો(૨)
૨૧. ઝાડનો મૂળ ઝાડો ભાગ(૨)

### ઊભી ચાવી

૨. જૈનોને જપવાનો મંત્ર (૪)
૩. આકાશ (૨)
૪. ઓળખ (૩)
૫. સમુહ (૨)
૭. હિંસક પ્રાણી (૨)
૮. ધ્યેય, લક્ષ (૩)
૯. રવાના કરવું (૪)
૧૨. હઠ, દુરાગ્રહ (૪)
૧૩. મીઠાઇ ઉપર ચાંદીનો... લગાવાય (૩)
૧૪. ધારણા, આશરો (૩)
૧૫. વર કે વહુના કાકા (૩)
૧૬. વાડી, ચોગાન (૨)
૧૮. આગોશ, બાહુપાશ (૨)
૧૯. પ્યાર, દુલાર (૨)

### શબ્દાવલી ૫૩૩૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) મંદિર (૫) દન (૬) નજરચુક (૮) વાચક (૯) કર્જ (૧૦) ડર્યા (૧૧) ખલ (૧૩) બખડજંતર (૧૫) ખડક (૧૬) પાઉ (૧૮) ધપવું (૨૦) વૈષ્ણવજન (૨૧) કાજ

**ઊભી ચાવી :-** (૧) મંદવાડ (૨) દિનચર્યા (૩) ગજ (૪) અચૂક (૭) કર્જદાર (૧૧) ખખડધજ (૧૨) લડકપન (૧૩) બખ (૧૪) તજ (૧૬) પાવૈ (૧૭) ઉષ્ણ (૧૯) રાજ

## સીડી તૈયાર કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તકેદારીના યોગ્ય પગલા લેવા આયોજન કરી દેવાયું છે. આ ઉપરાંત પરીક્ષા દરમિયાન વધુ પારદર્શકતા જળવાઈ રહે તેમજ કોઈપણ પ્રકારની ગેરરીતિ ન થાય તે માટે પરીક્ષા કેન્દ્રોને સી.સી. ટીવી કેમેરાથી સજ્જ કરવામાં આવશે. જ્યારે પ્રત્યેક પરીક્ષાના અંતે તૈયાર કરવામાં આવેલ કુટેજની સીડી સરકારી પ્રતિનિધિ મારફતે શિક્ષણાધિકારીને પણ પહોંચતી કરવામાં આવશે. જ્યારે કુટેજના નિરિક્ષણ બાદ પણ પરીક્ષા દરમિયાન કોઈપણ શંકાસ્પદ હીલચાલ માલુમ પડશે તો જવાબદાર સામે જરૂરી પગલા લેવામાં આવશે. પરીક્ષાના એક્શન પ્લાનમાં આગામી પરીક્ષાને ધ્યાને લઈ બે મહત્વની બાબતોનો સમાવેશ થતા બોર્ડ એક્ઝામની કાર્યવાહી વધુ પારદર્શક બનશે.

## કાયમી વિઝા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મથકે નોંધાવેલી ફરિયાદ મુજબ સેકટર-૧૬માં આવેલા આદર્શ ભોજનાલયની ઉપર સ્થિત ઑમ ઈમીગ્રેશન માણસોએ મળીને વર્ષ ૨૦૦૯થી વર્ષ ૨૦૧૪ સુધીમાં એટલે કે પાંચ વર્ષ સુધીમાં તબક્કાવાર કેનેડાના કાયમી વિઝા અપાવી દેવાના બહાને તેમની પાસે લાખો રૂપિયા પડાવ્યા છે. અત્યાર સુધીમાં તેમની પાસેથી રૂ. ૧૫.૯૪ લાખ ખંખેરી લેવાયા છે પરંતુ હજુ સુધી કાયમી વિઝાનું કોઈ ઠેકાણું પડયું નથી. કલોલના ભારતી દિનેશ પટેલ, દિનેશ મણિ પટેલ, મુબારકપુરનાં જયદિપ પટેલ, જીનલ સુથાર, ગાંધીનગરની વનિતા પરમાર અને અમદાવાદ ઈન્કમટેક્ષના સ્નેહલ શુકલ મળી છ શખ્સોએ વિઝાના બહાને તેમની પાસેથી રૂ. ૧૫.૯૪ લાખનો ચુનો ચોપડયો છે. છ શખ્સો સામે સે-૨૧ પોલીસ મથકે વિષ્ણુભાઈ પટેલે ફરિયાદ આપતા પીએસઆઈ વી.પી. સોલંકીએ વિશ્વાસઘાત અને છેતરપીંડીનો ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે. વિષ્ણુભાઈની કેફીયત છે કે આવી રીતે અન્ય કેટલાય લોકો સાથે આ શખ્સોએ છેતરપીંડી આચરી છે.

# મોદી સરકાર પર કેજરીવાલના આકરા પ્રહારો

## વિકાસના દાવાઓ પોકળ હોવાની પણ વાત કરી : મોદી વડાપ્રધાન બનશે તો દેશમાં ભ્રષ્ટાચાર વધશે : કૃષિ વિકાસદર આંકડો પણ ખોટો અપાઈ રહ્યો છે

અમદાવાદ, તા.૮

આમ આદમી પાર્ટીના નેતાઅને દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના ઘરમાં જ આવીને આકરા પ્રહારો કર્યા હતા. એએપીના નેતાએ અમદાવાદ રેલીમાં મોદીના વિકાસના દાવાઓને ફગાવી દઈને કહ્યું હતું કે, જો મોદી વડાપ્રધાન બને છે તો દેશમાં ભ્રષ્ટાચાર વધી જશે. કેજરીવાલે એમપણ કહ્યું હતું કે, મોદી અંબાણી અને અદાણીના પ્રોપર્ટી ડીલર બની ગયા છે. મોદીના અંદાજમાં જ કેજરીવાલે મોદી પર પ્રહારો કર્યા હતા. અમદાવાદ શહેરના બાપુનગર વિસ્તારમાં કેજરીવાલની રેલીમાં મોટી સંખ્યામાં લોકો પહોંચ્યા હતા. મોદી જે પ્રકારે પોતાની રેલીમાં યુપીએ સરકારના વિકાસ આંકડાઓનો ઉલ્લેખ કરે છે તે રીતે જ અરવિંદ કેજરીવાલે પણ મોદીના વિકાસ દાવાઓની વાત કરી હતી. કેજરીવાલે ભાષણ દરમિયાન મોદીના ૧૧ વર્ષના શાસનની સરખામણી પોતાના ૪૯ દિવસની સરકાર સાથે કરી હતી. અને કહ્યું હતું કે, ૪૯ દિવસમાં મોદી કરતા વધુ કામ કરીને બતાવ્યું છે. અમારી સરકાર દિલ્હીમાં બનતાની સાથે જ પોલીસવાળાઓએ લાંચ લેવાનું બંધ કરી દીધું હતું જ્યારે ગુજરાતમાં ભ્રષ્ટાચારની બોલબાલા છે. મોદી અંબાણી અને અદાણીના પ્રોપર્ટી ડીલર બની ચુક્યા છે. મોદી ખેડૂતોને ખેડૂતોની જમીન આંચકીને અંબાણી અને અદાણીને આપી રહ્યા છે. જો મોદી વડાપ્રધાન બનશે તો સમગ્ર દેશમાં ભ્રષ્ટાચારની બોલબાલા રહેશે. કેજરીવાલે એમ પણ કહ્યું હતું કે, મોદીએ ખેડૂતોને મળનારી તમામ સબસિડીઓ બંધ કરી દીધી છે. પરંતુ ટાટાને નેનો બનાવવા માટે ૨૯૦૦૦ કરોડની સબસિડી આપી છે. મોદી રાજ્યની બહાર જઈને ખોટા નિવેદન કરે છે. ગુજરાતમાં ૧૧ ટકા કૃષિ વિકાસદર છે. તેવી વાત મોદી કરે છે પરંતુ વેબસાઈટ પર જાણવા મળે છે માઈનસ એક ટકા વિકાસદર છે. કેજરીવાલે કહ્યું હતું કે, ગુજરાતમાં જે કંઈપણ વિકાસ થયું છે તેમાં મોદી નહીં પરંતુ ગુજરાતી લોકોની મહેનત છે. અમે ૨૬ જિલ્લાઓમાં ગયા હતા. ગુજરાતના લોકો ઘણા સારા છે. ખુબ મહેનતુ છે. તેમની મહેનતના લીધે ગુજરાતે પ્રગતિ કરી છે. મોદીના વિકાસદાવાઓ ઉપર વાત કરતા કેજરીવાલે કહ્યું હતું કે, હોસ્પિટલોની હાલત ખરાબ છે. સમગ્ર ગુજરાતમાં પ્રાયમરી હેલ્થ સેન્ટરમાં ૩૧૯ તબીબોની જરૂર છે તેની સામે માત્ર ૯ મહિલા તબીબો છે. મિડિયા ઉપર પ્રહાર કરતા કેજરીવાલે કહ્યું હતું કે, કેટલાક મિડિયા વાળા પણ પ્રચાર કરી રહ્યા છે કે, મોદી જેવા શાસક ભારતમાં થયા નથી. મોદીને ભગવાનની જેમ રજૂ કરવામાં આવી રહ્યા છે. મોદીએ ગુજરાતમાં ચમત્કાર કર્યો છે તેવી વાત કરવામાં આવી રહી છે. પરંતુ વાસ્તવમાં આવી સ્થિતિ નથી.

# મહિલા શિક્ષણ ખુબ જ મહત્વપૂર્ણ : મોદી

## મહિલાઓને વધુ શક્તિશાળી બનાવવા પર ભાર મુક્યો

અમદાવાદ, તા.૮

ભાજપના વડાપ્રધાન પદના



ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ચાય પર ચર્ચા કાર્યક્રમ યોજ્યો હતો જેમાં મોદીએ અનેક મુદ્દાઓ ઉપર વાત કરી હતી. મોદીએ શોમાં ભાગ લેનાર તમામ મહેમાનો અને દેશ-દુનિયાના તમામ લોકોનો આભાર માન્યો હતો. મોદીને ઘણા બધા સૂચનો પણ આ કાર્યક્રમ દરમિયાન કરવામાં આવ્યા હતા. નોર્થ-ઈસ્ટની એક મહિલાએ દિલ્હીમાં દરેક પોલીસ ચોકીમાં બે મહિલા પોલીસ મુકવાની વાત કરી હતી. રાજસ્થાનના ઉદયપુરથી એકે કન્યા ભ્રુણ હત્યાને લઈને ધ્યાન આપવા મોદીને સૂચન કર્યું હતું. મોદીએ અનામતના મામલે ગંભીર રહેવાની સલાહ પણ સાંભળી હતી. મોદીએ તમામ લોકોના અભિપ્રાય સાંભળ્યા હતા. ભારત ખુબ પછાત છે અને મહિલાઓને સુવિધા પુરી પાડવાની જરૂર છે. તમામ ક્ષેત્રોમાં મહિલા ભાગીદારી વધે તેવા ઘણા સૂચન પણ કરવામાં આવ્યા હતા. મોદીએ કહ્યું હતું કે, મુખ્યમંત્રી બન્યા બાદ તેમને ઘણી બધી બાબતો ધ્યાનમાં આવી હતી. મોદીએ મહિલા સુરક્ષા શાસનની મહત્વપૂર્ણ જવાબદારી હોવાની વાત કરી હતી. મહિલા ગૃહ ઉદ્યોગમાં સફળ રીતે આગળ આવી રહી છે. મોદીએ તમામ વર્ગની મહિલાઓ સાથે વાતચીત કરી હતી અને ભારતમાં રહેલી સમસ્યાઓને ઉકેલવા માટે પોતાની યોજના રજૂ કરી હતી. વિડિયો કોન્ફરન્સિંગ મારફતે ૧૫૦૦ જુદા જુદા સ્થળોથી લોકો સાથે મોદીએ વાત કરી હતી. આગામી ચૂંટણીને ધ્યાનમાં લઈને મોદીએ કહ્યું હતું કે,ચૂંટણીમાં મહિલાઓની વધુ અસરકારક ભૂમિકા રહે તે જરૂરી છે. આનાથી દેશને લાભ થશે. ચૂંટણી કાર્યક્રમની જાહેરાત થઈ ચુકી છે. જો ભારતની મહિલાઓ નિર્ણય કરશે તો અમે ભારતના ભવિષ્યને યોગ્ય આકાર આપી શકીશું. દેશમાં મહિલાઓને વધુ શક્તિશાળી બનાવવાની તેમની રુપરેખા આપતા કહ્યું હતું કે, ગૃહિણીમાંથી દેશ નિર્માણમાં મહિલાઓ આગળ આવે તે જરૂરી છે. ગુજરાતના મુખ્યમંત્રી તરીકેની જવાબદારી સંભાળ્યા બાદથી વધુ મહિલાઓ શિક્ષિત થાય તેવા પ્રયાસ કર્યા છે. જો અમે મહિલાઓને શિક્ષણ આપીશું તો માત્ર પરિવાર જ શિક્ષિત બનશે નહીં બલ્કે પેઢીને પણ શિક્ષણ મળશે. મહિલા શિક્ષણ ખુબ જ મહત્વપૂર્ણ છે.

## કેપીટલ સ્ટેશનમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉલ્લેખનીય છે કે થોડા સમય અગાઉ જ સ્ટેશન પર યુવાનને કરંટ લાગવાથી તેનું મોત નિપજયું હતું. આવા સંજોગોમાં પુરતી સુરક્ષા વ્યવસ્થાના અભાવ વચ્ચે કેમેરા ઉપયોગી પુરવાર થાય તેમ હોવાની લાગણી પ્રબળ બની છે.

ગાંધીનગર રેલવે સ્ટેશનના વિકાસ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે દાયકાઓના અંતે સ્ટેશન પર મહત્વની ટ્રેનોની અવર જવર શરુ થઈ છે. આમ છતાં સ્ટેશન વિસ્તારમાં યાત્રિકો સંબંધિત મહત્વની અને પાયાની સુવિધાઓ ઉભી કરવામાં સતત ઢીલ કરવામાં આવી રહી છે. યાત્રિકોને સ્ટેશન સંબંધિત સવલતો ઉપલબ્ધ થાય તે માટે રેલવે વિભાગને સતત રજૂઆતો કરવામાં આવી રહી છે પરંતુ લાંબા સમયથી સમસ્યાઓનો કોઈ અંત આવતો નથી. બીજી તરફ રાજયના અમદાવાદ, વડોદરા, સુરત સહીતના મુખ્ય રેલવે સ્ટેશનો પર સી.સી. ટી.વી. કેમેરાથી સજ્જ કરવા ગુજરાત પોલીસે ભલામણ કરી છે. ત્યારે આ યોજના અન્વયે કેપીટલ સ્ટેશનને પણ આવરી લેવા માંગ ઉઠવા પામી છે. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બૂચે આ અંગે રજૂઆતમાં જણાવ્યા મુજબ થોડા સમય અગાઉ જ ટ્રેન પર ચઢેલા યુવાનનું કરંટ લાગવાથી મોત નિપજયું હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. સ્ટેશન વિસ્તારમાં યોગ્ય પોલીસ પેટ્રોલીંગ પણ થતું નથી ત્યારે સી.સી. ટી.વી. કેમેરાથી પરિસ્થિતિનું મોનીટરીંગ કરી અકસ્માતને અટકાવી શકાય તેમ છે.

## આવતીકાલે ભાજપ પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક

ગાંધીનગર, તા. ૮

પ્રદેશ મીડિયા સેલની યાદી જણાવે છે કે, આવતીકાલે તા. ૯ માર્ચના રોજ ગાંધીનગર ખાતે પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક મળશે. જેમાં ૦૯ લોકસભા ક્ષેત્રના ઉમેદવારો અંગે ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવશે.

આવતીકાલની બેઠકમાં મધ્ય ગુજરાતની ૦૫ બેઠકો વડોદરા, ભરૂચ, છોટાઉદેપુર, પંચમહાલ અને દાહોદ જ્યારે દક્ષિણ ગુજરાતની ૦૪ બેઠકો વલસાડ, નવસારી, બારડોલી અને સુરતનો સમાવેશ થાય છે.

## સંભવિત ઉમેદવારો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

**સાબરકાંઠા**
ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણ
પૃથ્વીરાજ પટેલ
વિજયભાઈ પંડ્યા

**અમદાવાદ(પૂર્વ)**
હરિન પાઠક
કૌશિક પટેલ
પ્રદિપસિંહ વાઘેલા

**અમદાવાદ (પશ્ચિમ)**
ડૉ. કિરીટ સોલંકી
નારણભાઈ મકવાણા

**સુરેન્દ્રનગર**
પ્રકાશભાઈ સોની
દિલીપભાઈ પટેલ
બિપીનભાઈ દવે

**રાજકોટ**
વલ્લભભાઈ કથીરીયા
નીતિન ભારદ્વાજ
ધનસુખભાઈ ભંડેરી

**પોરબંદર**
વિઠ્ઠલભાઈ રાદડિયા
પરેશભાઈ તેવાણી
ચંદ્રેશ રામાણી

**જામનગર**
આર.સી. ફળદુ
પૂનમબેન માડમ
અશોકભાઈ

**જુનાગઢ**
દીનુભાઈ સોલંકી
જિતુભાઈ હીરપરા
કરશનભાઈ ધડુક
વિનુભાઈ કઠિયારા

**અમરેલી**
નારણભાઈ કાછડિયા
પુરુષોત્તમ રૂપાલા
શરદ લાખાણી

**ભાવનગર**
રાજેન્દ્રસિંહ રાણા
બી.એલ. જેબલિયા
વિઠ્ઠલભાઈ મેદપરા

**આણંદ**
રમણભાઈ સોલંકી
સંજય પટેલ
મહેશભાઈ પટેલ

**ખેડા**
પંકજભાઈ દેસાઈ
બિમલ શાહ
સુરેશ ભટ્ટ

**પંચમહાલ**
પ્રભાતસિંહ ચૌહાણ
કાલુભાઈ માલીવાડ
જયપ્રકાશ પટેલ

**દાહોદ**
રમેશભાઈ કટારા
ડૉ. એ. પારધી

**વડોદરા**
બાલુ શુકલ
નારણભાઈ પટેલ
ઘનશ્યામ દલાલ

**છોટાઉદેપુર**
રામસિંહ રાઠવા
જયંતિભાઈ રાઠવા
રિતેશ વસાવા

**ભરૂચ**
મનસુખ વસાવા
સુરેશભાઈ બંગાળી
ભવાનસિંહ ગોહિલ

**બારડોલી**
ગણપતભાઈ વસાવા
અર્જુનભાઈ ચૌધરી
મોતીભાઈ વસાવા

**સુરત**
દર્શનાબેન જરદોસ
રાજુભાઈ દેસાઈ
મયુરભાઈ સવાણી

**નવસારી**
સી.આર. પાટીલ
પ્રવિણભાઈ નાયક
કનકભાઈ બારોટ

**વલસાડ**
રમણભાઈ પાટકર
મોહનભાઈ ઢોડિયા
કાન્તિભાઈ ગામીત